# ગોઢાણિયા મહિલા કોલેજને સરકારનું એ ગ્રેડ પ્રમાણપત્ર

## કોલેજની ગુણવત્તાસભર શિક્ષણ પદ્ધતિએ ગૌરવ વધાર્યું

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદર જિલ્લામાં વિદ્યાર્થીનીઓ અને વાલીઓના હ્રદયમાં અનેરું સ્થાન ધરાવતી તથા સમાજમાં સન્માનીય એવી ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજને આ સાથે એક વધુ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. કોલેજને ગુજરાત સરકારશ્રીના 'નોલેજ કોન્સોર્સીયમ ઓફ ગુજરાત, શિક્ષણ વિભાગ' દ્વારા કરવામાં આવેલા 'ટ્રીપલ-એ' મુલ્યાંકનમાં ૩.૦૨ સીજીપીએ સાથે 'એ' ગ્રેડ પ્રાપ્ત થયેલ છે. આ ગૌરવવંતી સિદ્ધિ માટે મેનેજમેન્ટ, કર્મચારીગણ અને વિદ્યાર્થીનીઓમાં હર્ષની લાગણી પ્રસરી છે. ટ્રસ્ટ પ્રમુખ, માનનીય ડો. વિરમભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટી, અર્જુનભાઈ મોઢવાડિયા અને સમગ્ર ટ્રસ્ટી મંડળે આ માટે કોલેજ પરિવારના તમામ સદસ્યો અભિનંદન પાઠવ્યા છે.

આ કોલેજ સતત પ્રગતિના સોપાનો સર કરતા શિક્ષણક્ષેત્રે સર્વોત્કૃષ્ટ સેવા અને ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણ પ્રદાન માટે જાણિતી છે. એટલું જ નહીં, કોલેજનું મેનેજમેન્ટ છેલ્લા એક દાયકાથી રાષ્ટ્રીય કક્ષાની વિવિધ મૂલ્યાંકન વિધિઓમાં સ્વૈચ્છિક પ્રસ્તુત થાય છે. અને પરીણામ સ્વરૂપ વખતોવખત વધુને વધુ ગુણ મેળવી 'એ' ગ્રેડની ગુણવત્તા માટે પ્રસ્થાપિત થાય છે. ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલા આ મૂલ્યાંકનમાં કોલેજની શૈક્ષણિક અને સહશૈક્ષણિક કામગીરી, માળખાકીય સુવિધાઓ અને તેમાં વિકાસ, વિદ્યાર્થીનીઓના પરિણામો અને પ્રતિભાવો, વિદ્યાર્થીનીઓને કોલેજ તરફથી મળતા શિક્ષણ, માર્ગદર્શન, વિદ્યાર્થીનીઓની અને અધ્યાપકોની સિદ્ધિઓ, સંશોધન અને વિકાસ વગેરે બાબતોનું ખૂબ જ બારિકાઈથી મૂલ્યાંકન સરકારની 'ટ્રીપલ-એ' ની ટીમ દ્વારા કરવામાં આવ્યું. ઉપરાંત કારકિર્દીલક્ષી માહિતી, પ્રોત્સાહન, માર્ગદર્શન અને તાલીમનું પણ મૂલ્યાંકન કરવામાં આવેલ. આ તબક્કે કોલેજ કક્ષાએથી આચાર્ય ડો. અનુપમ નાગર, 'ટ્રીપલ-એ કમિટી' ના ડાયરેક્ટર પ્રા. હરિભાઈ કગથરા તેમજ 'આઈક્યુએસી કમિટી' ના કન્વીનર ડો. ઈલાબેન થાનકીએ આપેલી સેવાઓ ઉલ્લેખનીય છે. સમગ્ર કર્મચારીગણની ઉત્કૃષ્ટ કામગીરી અને વિદ્યાર્થીઓની સખત મહેનત એ દરેક બાબતો આ સફળતા માટે ચોક્કસ પ્રસંશનિય છે. ડો. વિરમભાઈ ગોઢાણિયાએ પોતાના આશિર્વચનમાં વિદ્યાર્થીનીઓને ખાસ અભિનંદન સાથે જણાવ્યું છે કે વેકેશનમાં દિવસોમાં પણ વિદ્યાર્થીનીઓએ કોલેજના સ્ટાફની સાથે ખભેખભા મિલાવીને કામગીરી કરી છે અને કેટલીક વિદ્યાર્થીનીઓને પરિક્ષા ખૂબ જ નજીકના દિવસોમાં કે પરિક્ષા ચાલુ હોવા છતાં સકારાત્મક વિચારધારા સાથે પોતાનો અમૂલ્ય સમય કોલેજને ફાળવ્યો, તે પણ કોલેજ માટે એક ગૌરવની વાત છે.